# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ભાવનગરમાં 509 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે – પ્રધાનમંત્રી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહેશે.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , 56 હજારથી વધુ વિદ્યાર્થીએ ખાનગી શાળા છોડીને સ્કૂલ બૉર્ડની સ્માર્ટ શાળાઓમાં પ્રવેશ મેળવ્યો.**
3. **રાજકોટ ગ્રામ્ય પોલીસે દેશવ્યાપી 400 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી મામલે છ આરોપીની ધરપકડ કરી.**
4. **પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં આજથી બે દિવસ મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી.**
5. **ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ન્યૂઝિલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે અમદાવાદમાં મુકાબલો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# BHAVNAGAR E CITY BUS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે ભાવનગરમાં 509 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ – ખાતમુહૂર્ત કરશે. ઇલેક્ટ્રિક સિટી બસના ડેપો ખાતે મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દત્ર મોદી પણ વર્ચ્યૂ ધઅલ માધ્યમથી ઉપસ્થિત રહેશે.

અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે , શ્રી સંઘવી સવારે પાલિતાણા તાલુકાના નાનીમાળ ગામમાં મહાશિવરાત્રીના પાવન પ્રસંગે વિવિધ મંદિરના જીર્ણોદ્ધાર સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ બપોરે અધેવાડા બસ ડેપો ખાતે પીએમ ઇ-બસ સેવા યોજના અંતર્ગત પર્યાવરણ ને અનુકુળ 50 ઇલેક્ટ્રિક બસ ને લીલીઝંડી આપશે.

---

# CM AMDAVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ શિક્ષણથી રાષ્ટ્રનિર્માણના મંત્રને સાર્થક કરી રહી છે. તેમણે કહ્યું , 56 હજારથી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડીને સ્કૂલ બૉર્ડની સ્માર્ટ શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. અમદાવાદમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શતાબ્દી શિક્ષા મહોત્સવ અંતર્ગત યોજાયેલા વિવિધ કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ પ્રસંગે મુખ્યમંત્રીએ 16 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થયેલી 15 સ્માર્ટ અનુપમ શાળાનું ઇ-લોકાર્પણ કર્યું.

**(INFO - CMO GUJARAT YOUTUBE – PRAVESH)**

---

## AMDAVAD ELECTRIC BUS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે અમદાવાદ મહાનગર પરિવહન સેવા – **AMTS**ની 28 નવી અત્યાધુનિક ઇલેક્ટ્રિક બસનું લોકાર્પણ કર્યું. આ તમામ બસ સાયબર સુરક્ષા અને અગ્નિશમન સુવિધાથી સજ્જ છે. સાથે જ દેશમાં પહેલી વાર ઇલેક્ટ્રિક બસમાં ફરજિયાત સાયબર સુરક્ષા અને સૅફ્ટી ઑડિટ અમલમાં મુકાયું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

અમદાવાદમાં 225 જેટલી ઇ-બસના સંચાલનથી દર વર્ષે અંદાજે 75 હજાર કિલો કાર્બન ડાયોક્સાઇડના ઉત્સર્જનમાં ઘટાડો થશે.

---

## RAJKOT MULE HUNT

રાજકોટ ગ્રામ્ય પોલીસે ઑપરેશન મ્યૂલ હન્ટ અંતર્ગત છ આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓ દેશવ્યાપી 400 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડીમાં સામેલ હોવાનું જણાયું છે. તેઓ છેતરપિંડી માટે મોટા ભાગે ખાનગી બૅન્કમાં ખાતું ખોલી અને માર્કેટિંગ યાર્ડની પેઢીનો ઉપયોગ કરતા હતા.

પોલીસે આ સમગ્ર કૌભાંડના મુખ્ય આરોપી સહિતના ચાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

---

# VALSAD MULE ACCOUNT

વલસાડમાં સાયબર સેલની ટુકડીએ મ્યૂલ એકાઉન્ટ કેસમાં ત્રણ કરોડ રૂપિયાથી વધુનું કૌભાંડ કરનાર બે આરોપીની ધરપકડ કરી છે. જ્યારે મુખ્ય આરોપી ફરાર હોવાનું જણાયું છે.

સાયબર સેલે ઑપરેશન મ્યૂલ હન્ટ અંતર્ગત મ્યૂલ એકાઉન્ટ એટલે કે , છેતરપિંડી માટે ઉપયોગમાં લેવાતા ખાતાનું સંચાલન કરતી મોટી ટોળકીનો પર્દાફાશ કર્યો છે. આ અંગે નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક ભાર્ગવ પંડ્યાએ વધુ માહિતી આપી.

**(BYTE: BHARGAV PANDYA, DySP, VALSAD)**

---

# ARAVALLI VB G RAM G

અરવલ્લી જિલ્લામાં વિકસિત ભારત જી-રામ-જી યોજનાની માહિતી આપવા અંગે શ્રમિક સંમેલન યોજાયું. તેમાં ખેડૂતો અને શ્રમિકોને આ યોજનાથી માહિતગાર કરાયા હોવાનું અરવલ્લી ભાજપના મહામંત્રી રણધીર ચુડધરે જણાવ્યું.

**(BYTE: RANDHEER CHUDGHAR)**

---

# SOMNATH EDUCATION MINISTER

શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાએ ગીર સોમનાથના કોડિનારના વિવિધ ગામની મુલાકાત લીધી. તેમણે ગ્રામજનો સાથે ખાટલા બેઠક યોજી વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ કાયદા અંગે તેમને માહિતગાર કર્યા.

આ પ્રસંગે શ્રી વાજાએ કહ્યું , વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા ભારતનું દરેક ગામ તમામ મોરચે આત્મનિર્ભર અને સક્ષમ હોવું જોઈએ.

---

# SOMNATH MAHASHIVRATRI TAIYARI

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં આજથી બે દિવસ મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી કરાશે. દરમિયાન સોમનાથમાં ભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમ અને ભક્તોની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર એન. વી. ઉપાધ્યાયે ગઈકાલે સ્થળ સમીક્ષા કરી વહીવટી તંત્ર દ્વારા કરાયેલી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું. સાથે જ તેમણે મહાઆરતી સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી સહિતના મુદ્દે અધિકારીઓને માર્ગદર્શન પણ આપ્યું.

## (BYTE: N. V. UPADHYAY, COLLECTOR, GIR SOMNATH)

બીજી તરફ, જુનાગઢની ભવનાથ તળેટીમાં આયોજિત મહાશિવરાત્રી મેળામાં પણ દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવી રહ્યા છે. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ગઈકાલે ભાવિકોની સાથે પદયાત્રા કરી ભવનાથ મહાદેવના દર્શન કર્યા.

---

# MAHASHIVRATRI MELO BUS

જુનાગઢમાં આયોજિત મિની કુંભ મહાશિવરાત્રીના મેળામાં આવતા ભક્તો માટે એસ. ટી. નિગમ દ્વારા એક હજાર બસનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. મેળામાં મહિલા શ્રદ્ધાળુઓની સહાય , સુરક્ષા સહિત મેળાની તમામ વિગત માટે ખાસ 'પિન્ક બૂથ' તૈયાર કરાયા છે. સાથે જ મેળામાં જવા દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે રિક્ષા અને વિશેષ વ્હીલચેરની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ સંચાલન માટે જુનાગઢ ઝૉનના 850 કર્મચારીઓ 24 કલાક સાતે-સાત દિવસ કાર્યરત્ છે. અમદાવાદ , વડોદરા, રાજકોટ, જામનગર, કચ્છ, અમરેલી, ભાવનગર, મોરબી અને બોટાદ જેવા અન્ય જિલ્લામાંથી આવતા યાત્રિકો માટે નિગમ દ્વારા વધારાની 500 બસનું આયોજન કરાયું છે. જરૂર પડે તો વધારાની 75 બસને તૈયાર પણ રખાઈ છે.

---

# T20 CRICKET AMDAVAD

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – I.C.C. ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ન્યૂઝિલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મેચ રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે મેચ શરૂ થશે. ન્યૂઝિલેન્ડની ટીમ મિશેલ સેન્ટનર અને દક્ષિણ આફ્રિકાની ટીમ એડેન માર્કરમની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

ઉલ્લેખનીય છે કે, ગૃપ-ડીના પૉઈન્ટટેબલમાં ન્યૂઝિલેન્ડની ટીમ પહેલા અને દક્ષિણ આફ્રિકાની ટીમ હાલ બીજા ક્રમાંક પર છે.

---

# STATE VASATI GANATARI

રાજ્યમાં આવતા વર્ષે બે તબક્કામાં વસતિ ગણતરી હાથ ધરાશે. ત્યારે આ વર્ષે એપ્રિલથી સપ્ટેમ્બર મહિના સુધી ઘરયાદી અને મકાનોની ગણતરી કરાશે.

રાજ્ય સરકારે જનગણના અધિકારીઓની નિમણૂક અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. તે મુજબ, રાજ્યમાં ક્ષેત્રિય કાર્ય આગામી 20 એપ્રિલ થી 19 મે સુધી યોજાશે. આ તબક્કામાં વ્યાપક ઘરઘર સર્વેક્ષણ દ્વારા ઘરની સ્થિતિ , પરિવાર પાસેની અસ્ક્યામત અને સુવિધા અંગેની માહિતી એકત્રિત કરાશે , તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

# MAHISAGAR SAMIKSHA BETHAK

મહીસાગરમાં જિલ્લા કલેક્ટર અર્પિત સાગરની અધ્યક્ષતામાં જિલ્લા આરોગ્ય સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ. તેમાં કલેક્ટરે માતા અને શિશુ મૃત્યુદર ઘટાડવા તથા સિકલસેલ , ક્ષય અને વાહકજન્ય રોગના નિયંત્રણ માટે આરોગ્ય અધિકારીઓને કડક સૂચના આપી હતી.

---

# DANG ISHWAR PATEL

જળસંપત્તિ અને પાણી પૂરવઠા રાજ્યમંત્રી ઇશ્વરસિંહ પટેલે ડાંગના ઘાણા જૂથ પાણી પૂરવઠા યોજનાની મુલાકાત લીધી. તેમણે લક્ષિત લાભાર્થીઓને પાણી

પૂરવઠા વિભાગની જૂથ યોજનાઓથી પૂરતું પીવાનું પાણી મળી રહે તેવું આયોજન અને વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આહવા તાલુકાની આ યોજનામાં સમાવિષ્ટ નવ ગામ પૈકી કોટબા અને ધવલીદોડ ગામમાં હાલ ચેકડેમ આધારિત યોજનાથી પીવાનું પાણી અપાય છે.

---